# મોડાસાના મહે. નામદાર ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રી પી.ડી. જેઠવા સાહેબની કોર્ટમાં, મુ.મોડાસા

**ફોજદારી કેસ નં.૬૨/૨૦૨૬**

**આંક–**

**ફરીયાદી** : શ્રીસરકાર.

**વિરૂદ્ધ :–**

**આરોપીઓ :** (૧) સાહીલકુમાર મહેશકુમાર પટેલ,ઉ.વ.૨૧
(૨) મહેશભાઈ રતીભાઈ પટેલ, ઉ.વ.૫૦
(૩) રાજુભાઈ રતીભાઈ પટેલ,ઉ.વ.૪૧
તમામ રહે. અડપોદરા તા.હિમતનગર જી.સાબરકાંઠા

---

ગુનો:–ઈ.પી.કો.ની.કલમ:૩૭૬,૫૦૬(૨),૧૧૪, મુજબ

---

**–:(કમિટલ હુકમ):–**

આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી છે કે,

(૧) આ કામના ફરીયાદીએ હાલના આરોપી વિરૂધ્ધ મોડાસા રૂરલ પો.સ્ટે.ફર્સ્ટ . ૦૦૯/૧૬ થી આપેલ આ કામના ફરીયાદ હર્ષીદાબેન વા/ઓ પરાગકુમાર મોહનભાઈ પટેલ ઉ.વ.૨૦ નાની સાથે કો.નં.૧ મા જણાવેલ આરોપી નં .૧ સાહીલકુમાર મહેશભાઈ પટેલનાઓ તા.૭/૮/૧૫ ના રોજ મોજે સાયરા ગામની સીમમા આવેલ ગેબી મહાદેવ મંદિરે લગ્ન કરી તા.૧૨/૧૨/૧૫ ના સુધીના સમય ગાળા દરમ્યાન કોઈ પણ સમયે અવાર નવાર અડપોદરા ગામે ફરીયાદીની મરજી વિરુધ્ધ બળજબરી પુર્વક અવાર નવાર બળાત્કાર ગુજારી તથા કોલમ નં.૧ મા જણાવેલ આરોપી નં.૨ મહેશભાઈ રતીભાઈ પટેલ તથા આરોપી નં.૩ રાજુભાઈ રતીભાઈ પટેલ નાઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યા વિગેરે તે મુજબની ફરીયાદ ફરીયાદીએ હાલના આરોપીઓ સામે દાખલ કરેલી.

ઉપર મુજબની ફરીયાદના કામે આ કામના તપાસ કરનાર અમલદારે સાહેદોના નિવેદનો લઈ, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી, મુદ્દામાલ કબજે કરી, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલતમાં ઈ.પી.કો.ની.કલમ:૩૭૬,૫૦૬(૨),૧૧૪, મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આરોપીઓ સમન્સ બજેલ હાજર રહેલ છે.

(૨) આ કામે આરોપીઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડયા બાદ આંક. ૧૧ થી ૧૩ પ્લી રેકર્ડ કરવામાં આવેલ.જેમાં આરોપીઓ નામદાર સેશન્સ કોર્ટ રુબરુની કાર્યવાહીમાં પોતનાં સ્વખર્ચે વકીલ રોકી બચાવ કરવા માગે છે તેવુ જણાવેલ છે

(૩) આ કામે ત.ક.અ.એ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ની.કલમ:૩૭૬,૫૦૬(૨),૧૧૪, મુજબની સજાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે અને ઉપરોકત મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામદાર સેશન્સ કોર્ટને હોય સદરહુ કામ નામદાર સેશન્સ કોર્ટ,મોડાસા તરફ કમીટ કરવા નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–::(હુકમ)::–**

| | |
|---|---|
| // | આ કામનાં આરોપીઓ સામેનો કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૯ અન્વયે, નામ.સેશન્સ અદાલત,મોડાસા તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે. |
| // | સદરહુ કેસનું તમામ રેકર્ડ,પ્રોસીડીંગ્સ તથા મુદ્દામાલ સાથે નામ.સેશન્સ અદાલત, મોડાસા સમક્ષ મોકલી આપવું. |
| // | આ હૂકમની જાણ સંબંધિત મોડાસાનાં વિધ્વાન જિલ્લા સરકારી વકીલશ્રીને કરવી |

આ હુકમ આજરોજ તા.૨૭/૦૩/૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૭/૦૩/૨૬
મુ.મોડાસા

(પી.ડી.જેઠવા )
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
જજ કોડ– જીજે–૦૦૯૦૧

ડી.આર.પટેલ પી.એ.